# વડોદરા મહાનગરપાલિકા

## www.vmc.gov.in

વડોદરા મહાનગરપાલિકામાં ધી એપ્રેન્ટીસ એક્ટ–૧૯૬૧ અને માન. મુખ્યમંત્રી એપ્રેન્ટીશ યોજના હેઠળ વર્ષ–૨૦૨૬ માં નીચે જણાવેલ ટ્રેડમાં એપ્રેન્ટીસની જગ્યાઓ ભરવા લાયકાત ધરાવતા ઉમેદવારો પાસેથી તા.૧૩–૦૮–૨૦૨૬ (બપોર ૧૨–૦૦ કલાક) થી તા.૨૫–૦૮–૨૦૨૬ (રાત્રે ૧૧–૫૯ કલાક) સુધીમાં ઓનલાઇન અરજી મંગાવવામાં આવે છે.

| અનુ | ટ્રેડનું નામ | લાયકાત |
|---|---|---|
| ૧. | ઓફીસ ઓપરેશન્સ એકઝીક્યુટીવ | BA/ B.Com/BBA |
| ૨. | કોમ્પ્યુટર ઓપરેટર એન્ડ પ્રોગ્રામિંગ આસી. (COPA) | આઇ.ટી.આઇ.ટ્રેડ પાસ |
| ૩. | વાયરમેન | આઇ.ટી.આઇ. ટ્રેડ પાસ |
| ૪. | ઇલેક્ટ્રીશયન | આઇ.ટી.આઇ. ટ્રેડ પાસ |
| ૫. | ફીટર | આઇ.ટી.આઇ. ટ્રેડ પાસ |
| ૬. | ડ્રાફ્ટમેન (સિવિલ) | આઇ.ટી.આઇ. ટ્રેડ પાસ |
| ૭. | સર્વેયર | આઇ.ટી.આઇ. ટ્રેડ પાસ |
| ૮. | હેલ્થ સેનેટરી ઇન્સપેક્ટર | આઇ.ટી.આઇ. ટ્રેડ પાસ |
| ૯. | મિકેનિક મોટર વ્હિકલ | આઇ.ટી.આઇ. ટ્રેડ પાસ |
| ૧૦. | મિકેનિક અર્થ મુવીંગ મશીનરી | આઇ.ટી.આઇ. ટ્રેડ પાસ |
| ૧૧. | મિકેનિક ડીઝલ | આઇ.ટી.આઇ. ટ્રેડ પાસ |
| ૧૨. | ડેસ્કટોપ પબ્લીશીંગ ઓપરેટર | આઇ.ટી.આઇ. ટ્રેડ પાસ |
| ૧૩. | કોમ્પ્યુટર હાર્ડવેર એન્ડ નેટવર્ક મેઇન્ટેનન્સ | આઇ.ટી.આઇ. ટ્રેડ પાસ |
| ૧૪. | મીકેનીક ઇલેક્ટ્રીક વ્હિકલ | આઇ.ટી.આઇ. ટ્રેડ પાસ |
| ૧૫. | સર્ટીફકેટ કોર્ષ ઇન વેબ ડિઝાઇનીંગ | આઇ.ટી.આઇ. ટ્રેડ પાસ |
| ૧૬. | ઇલેક્ટ્રોનીક મીકેનીક | આઇ.ટી.આઇ. ટ્રેડ પાસ |
| ૧૭. | ઇન્સ્ટ્રુમેન્ટ મીકેનીક | આઇ.ટી.આઇ. ટ્રેડ પાસ |
| ૧૮. | ઓફિસ આસીસ્ટન્ટ (પ્યુન) | ધોરણ–૧૦ પાસ<br>(વય મર્યાદા ૧૮ થી ૨૮) |

- ❖ અપ્રેન્ટીસને ધી એપ્રેન્ટીસ એકટ–૧૯૬૧ હેઠળ સ્ટાઇપેન્ડ ચુકવવામાં આવશે. **સ્થાનીક ઉમેદવારને પ્રાધાન્ય આપવામાં આવશે.**
- ❖ વડોદરા મહાનગરપાલિકામાં એપ્રેન્ટીસ તરીકે અરજી કરતાં પહેલા સૌ પ્રથમ દરેક ઉમેદવારે **https://apprenticeshipindia.gov.in** પોર્ટલ ઉપર એપ્રેન્ટીસ તરીકે રજીસ્ટ્રેશન કરી એપ્રેન્ટીસ પ્રોફાઇલમાં ફરજીયાત ekyc અપડેટ કરાવવાનું રહેશે.
- ❖ ઉમેદવારે **https://apprenticeshipindia.gov.in** પોર્ટલ ઉપર એપ્રેન્ટીસ તરીકે રજીસ્ટ્રેશન કરી eKYC તથા એપ્રેન્ટીસની પ્રોફાઇલની વિગત અપડેટ કર્યા બાદ જ **https://vmc.gov.in/Recruitment/Recruitment.aspx** ઉપર જઇ ઓનલાઇન અરજી કરવાની રહેશે.
- ❖ અગાઉ જે તે ટ્રેડમાં એપ્રેન્ટીસશીપ કરેલ ઉમેદવારોએ અરજી કરવી નહીં. જો ઉમેદવાર એપ્રેન્ટીસશીપ માટે અન્ય કોઇ એકમ/સંસ્થા સાથે કરાર નામાથી જોડાયેલ હશે તો તે ઉમેદવારની ઉમેદવારી રદ થવાપાત્ર થશે.
- ❖ ડોકયુમેન્ટ વેરીફીકેશન માટેની તારીખ તથા જરૂરી સુચનાઓ અરજી ફોર્મમાં દર્શાવેલ મોબાઇલ નંબર/ઇ–મેઇલ પર જાણ કરવામાં આવશે.જેથી ઓનલાઇન અરજી કરતાં સમયે મોબાઇલ નંબર તથા ઇ–મેઇલ એડ્રેસ સાવચેતી પુર્વક દર્શાવવાના રહેશે. ઇ–મેઇલ કે મોબાઇલ નંબર બદલાઇ જવાથી ભવિષ્યમાં ઉપસ્થિત થનાર પરિસ્થિતી માટે વડોદરા મહાનગરપાલિકા જવાબદાર રહેશે નહીં.
- ❖ લાયક ઉમેદવારના અરજી ફોર્મ તથા પ્રમાણપત્રોની ચકાસણી દરમ્યાન કોઇ ઉમેદવાર એપ્રેન્ટીસ એકટ તથા જાહેરાતની જોગવાઇઓ મુજબ લાયકાત ધરાવતાં ન હોવાનું માલુમ પડશે અથવા જરૂરી પ્રમાણપત્રો વગરની માલુમ પડશે અથવા અરજી અને અસલ પ્રમાણપત્રો સાથે વિસંગતતા જણાશે તો તેમની ઉમેદવારી કોઇપણ તબક્કે રદ કરવામાં આવશે.

**પી.આર.ઓ.નં. ૨૯૮/૨૬–૨૭** **ડે.મ્યુનિસિપલ કમિશ્નર(વ)**